અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જિલ્લાઓમાં ઓપન શેલ્ટર હોમ શરૂ કરવા અંગે રૂ.૫૪.૧૭ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૧૬/૭૪૦૩૧૦/ન.બા./છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૬/૦૪/૨૦૧૭.

**<u>વંચાણે લીધાઃ-</u>**

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૦૧/૧૨/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃસસુખા/યજન/નવી બાબત/૧૬-૧૭/૪૨૨.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૦૯/૦૩/૨૦૧૭નો પત્ર ક્રમાંકઃસસુખા/યજન/૨૦૧૬-૧૭/૫૯.

**<u>આમુખ :-</u>**

ભારત સરકારના ધ જુવેનાઈલ જસ્ટીસ(કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ (૨૦૦૬નો ૨-જો) ની કલમ-૪૩ (૧) (૨) અને (૩) માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ રાજ્ય સરકાર સ્વયં અથવા સ્વૈચ્છિક સંસ્થા અથવા બિનસરકારી સંસ્થાના ઉપક્રમે બાળકો માટે જરૂરીયાત મુજબ ઓપન શેલ્ટર હોમની વ્યવસ્થા અને તેની જાળવણીનું કામ કરી શકે છે.

પ્રસ્તુત બાબતે ભારત સરકારની ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ પ્રોટેક્શન સ્કીમ (ICPS) CSS(60:30:10)ની ગાઈડ લાઈન અંતર્ગત રાજ્યનાં અમદાવાદ, સુરત, વડોદરા તથા રાજકોટ એમ ચાર જિલ્લાઓમાં કુલ ચાર ઓપન શેલ્ટર હોમ શરૂ કરવા માટે શેલ્ટર દીઠ ૮(આઠ) જગ્યાઓનું મહેકમ માસિક ફીક્સ પગારનાં ધોરણે ઉભું કરવા અંગેની નવી

સેવાની રૂ.૫૪.૧૭ લાખની જોગવાઈનો વર્ષ ૨૦૧૭-૧૮નાં અંદાજપત્રમાં સમાવેશ કરવાની વંચાણે લીધેલા ક્રમાંક: (૧)ની નિયામકશ્રી(સ.સુ.)ની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક: (૧) અને (૨) થી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને રાજ્યનાં અમદાવાદ, સુરત, વડોદરા તથા રાજકોટ એમ ચાર જિલ્લાઓમાં ચાર ઓપન શેલ્ટર હોમ શરૂ કરવા માટે હાલનાં તબક્કે ઓપન શેલ્ટર દીઠ નીચે મુજબનું ૬(છ) જગ્યાઓ પ્રમાણે ચાર જુદાં જુદાં જિલ્લાઓ માટે કુલ-૨૪(ચોવીસ) જગ્યાઓનું મહેકમ માસિક ફીક્સ પગારનાં ધોરણે ઉભું કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક ફીક્સ પગાર રૂ. |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧. | વ્યવસ્થાપક | ૧ | માસિક ફીક્સ પગાર રૂ.૧૭,૫૦૦/- |
| ૨. | સામાજિક કાર્યકર | ૧ | માસિક ફીક્સ પગાર રૂ.૧૪,૦૦૦/- |
| ૩. | સંભાળ રાખનાર | ૧ | માસિક ફીક્સ પગાર રૂ.૯,૦૦૦/- |
| ૪. | પહોંચ કાર્યકર(આઉટરીચ) | ૨ | માસિક ફીક્સ પગાર રૂ.૮,૦૦૦/- |
| ૫. | હેલ્પર | ૧ | માસિક ફીક્સ પગાર રૂ.૬,૦૦૦/- |
| | કુલ - | ૬ | |

આ યોજના હેઠળ એક શેલ્ટર હોમ દીઠ અનાવર્તક ખર્ચ અને આવર્તક ખર્ચ ધ્યાને લેતાં કુલ ૪(ચાર) ઓપન શેલ્ટર શરૂ કરવા માટે વર્ષ ૨૦૧૭-૧૮નાં અંદાજપત્રમાં કેન્દ્ર સરકારનાં ૬૦% અને રાજ્ય સરકારનાં ૩૦% લેખેના ફાળાની મળી કુલ ૯૦% લેખેની રકમ રૂ.૫૪.૧૭ લાખ (રૂ.૩૬.૧૧ લાખ + રૂ.૧૮.૦૬ લાખ)ની જોગવાઈ મંજૂર થયેલ છે.

તદઉપરાંત ઉપરોક્ત ચાર જિલ્લાઓમાં જુદાં જુદાં ચાર ઓપન શેલ્ટર હોમ શરૂ કરવા અંગેની રૂ.૫૪.૧૭ લાખની જોગવાઈ નવી બાબત તરીકે મંજૂર થયેલ હોઈ રૂ.૫૪.૧૭ લાખનો ખર્ચ કરવાની નીચે જણાવેલ શરતોને અધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ની અંદાજપત્રીય જોગવાઈને અધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ અને જરૂરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ યોજના હેઠળ ભારત સરકાર તરફથી મળનાર ફાળાની રકમ સમયમર્યાદામાં મેળવી લેવાની કાળજી રાખવાની રહેશે.

(૮) સ્વૈચ્છિક સંસ્થાની પસંદગી પારદર્શી પ્રક્રીયા કરીને કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૨, મુ.સ.-૨૨૩૫-૦૨-૧૦૨-૦૩ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૩૦/૦૩/૨૦૧૭ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જી. બી. વણઝારા )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ / સુરત / વડોદરા / રાજકોટ.
- ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસરશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ / સુરત / વડોદરા / રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ડિસ્ટ્રિક્ટ ચાઇલ્ડ પ્રોટેક્શન યુનિટ, અમદાવાદ / સુરત / વડોદરા / રાજકોટ.
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સિલેકટ ફાઈલ.